| GJSR120048172024 | सत्यमेव जयते | Criminal Case no.1883/2024<br>સંકેતકુમાર કાંતિલાલ પટેલ<br>વિરુદ્ધ<br>ત.ક.મંત્રીશ્રી, અલુરા ગ્રામ પંચાયત |
|---|---|---|

| | | | | |
|---|---|---|---|---|
| રજૂ તારીખ | : | ૨૫/૦૯/૨૦૨૪ | | |
| દાખલ તારીખ | : | ૨૫/૦૯/૨૦૨૪ | | |
| ફેંસલ તારીખ | : | ૧૭/૦૩/૨૦૨૬ | | |
| અવધિ | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૧ | ૦૫ | ૨૨ |
| આંક | : | | | |

## <u>મહેરબાન કઠોરના એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમા મુ.કઠોર.</u>

ફોજદારી પરચુણ અરજી નં. ૧૮૮૩/૨૦૨૪

આંક:

| | |
|---|---|
| **અરજદાર :** | **<u>સંકેતકુમાર કાંતિલાલ પટેલ</u>**<br>ઉ.આ.વ. ૩૭, ધંધો : નોકરી<br>રહે. મુ. કારેલી, તા. ઓલપાડ, જિ. સુરત. |
| **વિરુધ્ધ** | |
| **સામાવાળા :** | **<u>તલાટી કમ મંત્રીશ્રી, અલુરા ગ્રામ પંચાયત,</u>**<br>મુ. અલુરા, તા.કામરેજ, જિ. સુરત. |

| | |
|---|---|
| અરજદાર તરફે | વિ.વ.શ્રી ડી.એમ.પરમાર |
| સામાવાળા તરફે | કોઈ નથી. |

**વિષય :: જન્મનાં દાખલામાં જન્મ તારીખમાં સુધારો કરવા બાબત**

**<u>-:: ઠરાવ ::-</u>**

(૧) આ કામના અરજદારની અરજીની ટુંકમા હકીકત એવી છે કે, અરજદાર મુ.કારેલી, તા.ઓલપાડ, જિ.સુરત સરનામે રહે છે. હાલની આ અરજી તેઓએ તેમના જન્મનાં દાખલમાં જન્મ તારીખવાળી કોલમમાં સુધારો કરવા માટે હાલની આ અરજી કરેલી છે. તેમનો જન્મ મોજે.અલુરા ગામ, તા.કામરેજ, જિ.સુરતની સીમમાં થયેલ હોય જે અંગેની નોંધણી અલુરા ગ્રામ પંચાયતના

જન્મ નોંધણી રજીસ્ટરમાં નોંધણી ક્રમાંક–૧૫ થી તા.૦૧/૧૧/૧૯૮૭ નારોજ કરવામાં આવેલ છે. જેમાં જન્મ તારીખવાળી કોલમમાં તેમની જન્મ તા.૩૧/૧૦/૧૯૮૭ લખાયેલ છે, પરંતુ ખરી હકીકતમાં તેઓની ખરી જન્મ તા.૩૦/૦૬/૧૯૮૭ છે. તેઓએ અન્ય પુરાવાઓ જેમ કે, સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં તેઓની જન્મ તા.૩૦/૦૬/૧૯૮૭ લખાયેલ છે. આ સિવાયના અન્ય પુરાવાઓ જેવા કે, આધાર કાર્ડ, પાનકાર્ડ, પાસપોર્ટ વિગેરેમાં અમારી જન્મ તા.૩૦/૦૬/૧૯૮૭ લખાયેલ છે. હાલમાં તેઓને સરકારી તથા અર્ધસરકારી કામકાજ અર્થે જન્મનાં દાખલાની જરૂરિયાત ઉપસ્થિત થતા તેઓએ તેમનો જન્મનો દાખલો જોતા જેમાં તેઓની જન્મ તારીખ તેમના અન્ય પુરાવા કરતા અલગ–અલગ જણાતા તેઓએ તેમના ઘરના વડીલોને પુછતાં તેઓએ તેમને જણાવેલુ કે, "તારી સાચી અને ખરી જન્મ તા.૩૦/૦૬/૧૯૮૭ છે." પરિણામે હાલના તબકકે જન્મનાં દાખલામાં જન્મ તારીખવાળી કોલમમાં સુધારો કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે. જન્મનાં દાખલામાં સુધારો ન થઈ શકે તે મુજબનો દાખલો આ કામના સામાવાળાએ આપેલ છે જે અલગથી રજુ કરેલ છે.

વધુમાં અરજદાર તેઓની અરજીના અનુસંધાને જણાવે છે કે, જન્મ–મરણ અધિનિયમની કલમ–૧૫ અન્વયે જન્મનાં દાખલામાં કોઈપણ પ્રકારનો સુધારો કરવો હોય તો જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીનાઓને અરજી સાંભળવાનો તથા તેનો નિકાલ કરવાની સત્તા રહેલી છે. અરજદારનો જન્મ અલુરા ગામ, તા.કામરેજ, જિ.સુરતની હદમાં થયેલ હોય જેની નોંધણી અલુરા ગ્રામ પંચાયત, તા.કામરેજ, જિ.સુરત મુકામે થયેલ હોય જે આપ નામદાર કોર્ટની હકુમતમાં આવેલ છે. જેથી હાલની આ અરજી સાંભળવા આપ નામદાર કોર્ટને હકુમત પહોંચે છે. આ અરજીના સંદર્ભમાં કોર્ટ ફી રૂ.૩/– તેઓએ ભરેલ છે. જેના પરિણામે જન્મ દાખલામાં જન્મ તારીખમાં સુધારો કરવા માટે હાલની અરજી કરી અરજ કરેલ છે કે, (૧) આ કામના સામાવાળા પોતાના જન્મ રજીસ્ટરમાં અરજદારની જન્મ તારીખવાળી કોલમમાં જન્મ તા.૩૧/૧૦/૧૯૮૭ લખાયેલ છે તેના સ્થાને તા.૩૦/૦૬/૧૯૮૭ મુજબનો સુધારો કરી નવો જન્મનો દાખલો આપે તે અંગે મહેરબાની રાહે હુકમ ફરમાવવા. તેમજ (૨) આ અરજીના એકંદર હકિકતમાં અરજદારના લાભમાં વિશેષ લાગે તેવી દાદ અપાવવા વિનંતી કરેલ છે.

**(૨)** અરજદારની અરજી અનુસંધાને સામાવાળાને નોટીસ કાઢવામાં આવેલ, જે સામાવાળાને બજી ગયેલ છે. સામાવાળા તરફે કોઈ લેખિત જવાબ રજુ રાખવામાં આવેલ નથી, પરંતુ સોગંદ ઉપરની જુબાની આપેલ છે.

**(૩)** આ કામે અરજદાર તેમજ સામાવાળા તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે.

**:: અરજદાર તરફે મૌખિક પુરાવો ::**

| ક્રમ | આંક | સાહેદ |
|---|---|---|
| ૦૧ | ૦૮ | અરજદાર સંકેતકુમાર કાંતિલાલ પટેલની સોગંદ પરની સરતપાસ |
| ૦૨ | ૦૫ | ત.ક.મ. વિશાલકુમાર અનિલભાઈ ગોંડલીયા |
| ૦૩ | ૨૨ | સાહેદ હીનાબેન હસમુખભાઈ પટેલ |
| ૦૪ | ૨૩ | સાહેદ મમતાબેન કાંતિભાઈ પટેલ |

**:: અરજદાર તરફે દસ્તાવેજી પુરાવો ::**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | ૦૬ | અલુરા ગ્રામ પંચાયત દાખલો |
| ૦૨ | ૧૨ | અરજદારના જન્મ દાખલાની ઝેરોક્ષ નકલ. |
| ૦૩ | ૧૩ | અરજદારના સ્કુલ લીવીંગ સર્ટીફીકેટની ઝેરોક્ષ નકલ. |
| ૦૪ | ૧૪ | અરજદારના આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ. |
| ૦૫ | ૧૫ | અરજદારના પાનકાર્ડની ઝેરોક્ષ નકલ. |
| ૦૬ | ૧૬ | અરજદારના પાસપોર્ટની ઝેરોક્ષ નકલ. |
| ૦૭ | ૧૭ | આ કામના સામાવાળાને આપેલ અરજીની ઝેરોક્ષ નકલ. |
| ૦૮ | ૧૮ | આ કામના સામાવાળાએ આપેલ દાખલાની ઝેરોક્ષ નકલ. |
| ૦૯ | ૧૯ | ગુજરાત મિત્રમાં કરેલ પેપર પ્રસિદ્ધની અસલ પેપર |
| ૧૦ | ૨૦ | એજનનું બિલ |

આ કામમાં આ સિવાય અન્ય કોઈ પુરાવો રજુ થયેલ નથી અને અરજદાર તરફે આંક–૨૧ થી પુરાવા બંધની ક્લોઝિંગ પુરશીસ આપવામાં આવેલ છે. ત્યારબાદ, અરજદાર તરફે મૌખિક દલીલો કરવામાં આવેલ છે.

**(૪)** ઉપરોકત હકીકતોના આધારે કેસના આખરી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું અરજદાર આંક–૦૧ ની અરજીના પેરા નં.૦૧માં માંગ્યા મુજબની દાદ મેળવવા હકદાર છે ?

૨. શું હુકમ ?

**(૫)** ઉપરોક્ત મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદા નં. (૧) : હકારમાં.

મુદા નં. (૨) : આખરી હુકમ મુજબ.

**–:: કારણો ::–**

**<u>મુદ્દા નં. (૧)</u>**

**(૬)** સદર કામે **સાહેદ વિશાલકુમાર અનિલભાઈ ગોંડલીયા** નાઓને **આંક–૦૫** થી તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, તેઓને નામ.કોર્ટ તરફથી સમન્સની બજવણી થતા નામ.કોર્ટમાં હાજર રહ્યા હતા, તેઓ અલુરા ગ્રામ પંચાયતમાં ત.ક.મંત્રી તરીકે આશરે ૨ મહિનાથી ફરજ બજવે છે. તેઓની ફરજમાં જન્મ–મરણ રજીસ્ટર્સ અંગેના કામો તથા પંચાયતના વહીવટ અંગેના કામો આવે છે. આ કામના અરજદારનો જન્મનો દાખલો તેઓની કચેરીમાં નોંધણી તા.૦૧/૧૧/૧૯૮૭ નારોજ નોંધાયેલ છે. તથા નોંધણી ક્રમાંક ૧૫ લખાયેલ છે તેમજ બાળકના નામવાળી કોલમમાં સંકેટ્કુમાર લખાયેલ છે તથા જન્મ તારીખવાળી કોલમમા જન્મ તા.૩૧/૧૦/૧૯૮૭ લખાયેલ છે તેમજ જન્મ સ્થળ અલુરા લખાયેલ છે. તેમની જુબાની દરમુઆન તેઓ સને–૧૯૮૭ના વર્ષનું જન્મનું રજીસ્ટર સાથે લાવેલ છે, જેના ઉતારીની ખરી નકલ રજુ કરેલ છે. દર કામે નિ.૩/૧ થી જન્મનો દાખલો આપવમાં આવેલ છે તે તેઓની કચેરીમાંથી આપવામાં આવેલ છે, જેના ઉપર જે ત.ક.મંત્રીની સહી છે તે સહી તેઓની અગાઉના તલાટીની હોય, જે સહી તેઓ ઓળખી બતાવે છે. ઉપરોક્ત લખેલ તમામ હકીકતો તેઓની સાથે લાવેલ પંચાયચના જન્મ મરણના રજીસ્ટરના આધારે લખાવેલ છે. અરજદારના કહેવા પ્રમાણે નિયમ મુજબ સુધારો કરવામાં આવે તો વાંધો નથી.

**(૭)** સદર કામે **અરજદાર સંકેતકુમાર કાંતિલાલ પટેલ** નાઓને **આંક–૦૮** થી તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, અરજદાર અરજીમાં જણાવેલ સરનામે રહે છે. હાલની આ અરજી તેઓએ તેમના જન્મનાં દાખલમાં જન્મ તારીખવાળી કોલમમાં સુધારો કરવા માટે કરેલી છે. આ કામે અરજદારે આંક–૧ થી જે અરજી કરી છે તેના ઉપર તેઓની સહી છે તે તેઓ ઓળખી બતાવે છે. અરજદારનો જન્મ મોજે અલુરા ગામ, તા. કામરેજ, જિ. સુરતની સીમમાં થયેલ હોય જે અંગેની નોંધણી અલુરા ગ્રામ પંચાયતના જન્મ નોંધણી રજીસ્ટરમાં નોંધણી ક્રમાંક–૧૫ થી તા.૦૧/૧૧/૧૯૮૭ ના રોજ કરવામાં આવેલ છે. જેમાં જન્મ તારીખવાળી કોલમમાં જન્મ તા.૩૧/૧૦/૧૯૮૭ લખાયેલ છે પરંતુ ખરી હકીકતમાં ખરી જન્મ તા.૩૦/૦૬/૧૯૮૭ છે. અન્ય પુરાવાઓ જેમ કે, સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં જન્મ તા.૩૦/૦૬/૧૯૮૭ લખાયેલ છે. આ સિવાયના અન્ય પુરાવાઓ જેવા કે, આધાર કાર્ડ, પાનકાર્ડ, પાસપોર્ટ વિગેરેમાં જન્મ તા.૩૦/૦૬/૧૯૮૭ લખાયેલ છે જે સાચી અને ખરી છે. તેઓને સરકારી તથા અર્ધસરકારી કામકાજ અર્થે જન્મનાં દાખલાની જરૂરિયાત ઉપસ્થિત થતા તેઓએ તેમનો જન્મનો દાખલો જોતા જેમાં જન્મ તારીખ અન્ય પુરાવા કરતા અલગ–અલગ જણાતા તેઓએ તેઓના ઘરના વડીલોને પુછતાં તેઓએ જણાવેલું કે, "તારી સાચી અને ખરી જન્મ તા.૩૦/૦૬/૧૯૮૭ છે." પરિણામે હાલના તબકકે જન્મનાં દાખલામાં જન્મ તારીખવાળી કોલમમાં સુધારો કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે. જન્મનાં દાખલામાં સુધારો ન થઈ શકે તે મુજબનો દાખલો આ કામના

સામાવાળાએ આપેલ છે જે અલગથી રજૂ કરેલ છે. સદરહુ કામે આંક-૧૨ થી અરજદારના જન્મના દાખલાની ખરી નકલ રજુ કરેલ છે. જેના ઉપર તલાટી કમ મંત્રીશ્રી અલુરાનાં સહી સીકકા હોય જે સરકારી કચેરીમાંથી આપવામાં આવેલ. સદરહુ કામે આંક-૧૩ થી અરજદારના સ્કુલ લીવીંગ સર્ટીફીકેટની ટ્રુકોપી નકલ રજૂ કરેલ છે. જેના ઉપર પ્રિન્સીપાલ તથા ચકાસણી કરનારની સહી તથા સીકકો હોય જે સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં શાળાનો જી.આર.નંબર હોય તે શાળા તરફથી આપવામાં આવેલ છે. સદરહુ કામે આંક-૧૪ થી અરજદારના આધાર કાર્ડની ટ્રુકોપી નકલ રજૂ છે. જેના ઉપર આધાર કાર્ડ નંબર, અરજદારનો ફોટો, નામ, સરનામુ, જન્મ તારીખ વિગેરે દર્શાવેલ છે. જે સરકારી કચેરીમાંથી આપવામાં આવેલ. સદરહુ કામે આંક-૧૫ થી અરજદારના પાનકાર્ડની ટ્રુ કોપી નકલ રજૂ છે. જેના ઉપર પાનકાર્ડ નંબર, અરજદારનો ફોટો, નામ, જન્મ તારીખ વિગેરે દર્શાવેલ છે. જે સરકારી કચેરીમાંથી આપવામાં આવેલ. સદરહુ કામે આંક-૧૬ થી અરજદારના પાસપોર્ટની ટ્રુકોપી નકલ રજુ છે. જેના ઉપર પાસપોર્ટ નંબર, અરજદારનો ફોટો, નામ, સરનામુ, જન્મ તારીખ વિગેરે દર્શાવેલ છે. સદરહુ કામે અરજદારે તેમના જન્મના પ્રમાણપત્રમાં જન્મ તારીખમાં સુધારો કરવા માટે આ કામના સામાવાળાને લેખિતમાં અરજી કરેલ હોય જે અરજી તા.૦૯/૦૮/૨૦૨૪ ના રોજ સ્વીકારેલ છે જેના ઉપર તલાટી કમ મંત્રીશ્રી અલુરાના સહી સીકકા હોય જે આ કામે આંક-૧૭ થી અસલ અરજીની નકલ રજુ કરેલ છે. ઉપરોકત અરજીના અન્વયે આ કામના સામાવાળાએ પોતાના લેટરપેડ ઉપર સુધારો થઈ શકે નહી તે અંગે લેખિતમાં દાખલો લખી આપેલ હોય તે દાખલા ઉપર તલાટી કમ મંત્રીશ્રી અલુરાના સહી સીકકા હોય તથા તે લેટરપેડ અસલ હોય જે આંક-૧૮ થી રજુ કરેલ છે. નામદાર કોર્ટના હુકમ અંતર્ગત પેપર પ્રસિધ્ધિનો હુકમ ફરમાવવામાં આવેલ છે જે પેપર પ્રસિધ્ધિ અરજદારે ગુજરાતમિત્રમાં તા.૧૩/૦૫/૨૦૨૫ નારોજ પ્રસિધ્ધ કરાવેલ છે. જે અસલ પેપર આંક-૧૯ થી રજુ કરેલ છે તથા તે અંગેનું અસલ બીલ આંક-૨૦ થી રજુ કરેલ છે જેના ઉપર એજન્સીનું નામ તથા એજન્ટની સહી છે. અરજદારે નામદાર કોર્ટમાં આંક-૧ થી તેઓના જન્મનાં પ્રમાણપત્રમાં જન્મ તારીખવાળી કોલમમાં તા.૩૧/૧૦/૧૯૮૭ લખાયેલ છે તેના સ્થાને તા.૩૦/૦૬/૧૯૮૭ મુજબનો સુધારો કરવામાં આવે તો તેનાથી કોઈને કોઈપણ પ્રકારનું નુકશાન થાય તેમ ન હોય. અરજદારે આંક-૧ થી અરજી કરેલી હોય તેમજ આ કામે રજૂ કરેલા પુરાવાઓ કે જે અમારી સાચી અને ખરી જન્મ તા.૩૦/૦૬/૧૯૮૭ હોય તે પુરવાર કરે છે. આમ, અરજદારે માંગ્યા મુજબની દાદ ફરમાવવા અરજ ગુજારેલ છે.

(૮) સદર કામે **સાહેદ હીનાબેન હસમુખભાઈ પટેલ** નાઓને **આંક-૨૨** થી તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, હાલની અરજી ઉપરોકત નંબરથી આ કામના અરજદારે કરેલ છે જેમના તેઓ મામી થાય છે. આ કામના અરજદારે ઉપરોકત નંબરથી જે અરજી કરી છે તે અરજી અંગે તેઓ સંપૂર્ણપણે વાકેફ છે. આ કામના અરજદાર સંકેતકુમાર કાંતિલાલ

પટેલ જેમનો જન્મ મોજે અલુરા, તા. કામરેજ, જિ. સુરત મુકામે તા.૩૦/૦૬/૧૯૮૭ ના રોજ થયો હતો ત્યારે તેઓ સોગંદનામુ કરનાર ત્યાં હાજર હતા. તેમજ તેમનો જન્મ થયો તે અંગે તેઓને સંપૂર્ણ માહિતી છે. તેમજ આ શુભ પ્રસંગમાં તેઓએ સાથે મળીને મીઠાઈ વેચી હતી. આ કામના અરજદારનો જન્મ તા.૩૦/૦૬/૧૯૮૭ ના રોજ મોજે અલુરા, તા. કામરેજ, જિ. સુરત મુકામે થયેલો તે અંગે તેઓને સાચી અને સચોટ માહીતી છે. આ કામના અરજદારે તેમની અરજીમાં પેરા-૮ માં જે દાદ માંગેલી છે તે દાદ મંજુર કરવામાં આવે તો સંસ્થા, વ્યકિત, કંપની કે કોઈને પણ નુકશાન થાય તેમ ન હોય સબબ પેરા-૮ માં માંગ્ય મુજબની દાદ મંજુર કરવા અરજ ગુજારેલ છે.

**(૯)** સદર કામે **સાહેદ મમતાબેન કાંતિભાઈ પટેલ** નાઓને **આંક-૨૩** થી તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, હાલની અરજી ઉપરોકત નંબરથી આ કામના અરજદારે કરેલ છે જેમની હું માતૃશ્રી થાય છે. આ કામના અરજદારે ઉપરોકત નંબરથી જે અરજી કરી છે તે અરજી અંગે તેઓ સંપૂર્ણપણે વાકેફ છે. તેઓ સોગંદનામુ કરનારના લગ્ન કાંતિભાઈ પટેલ નાઓ જોડે થયેલા હતા અને લગ્ન જીવન થકી પુત્ર સંકેતકુમાર નો જન્મ થયેલો. આ કામના અરજદાર સંકેતકુમાર કાંતિલાલ પટેલ જેમનો જન્મ મોજે અલુરા, તા. કામરેજ, જિ. સુરત મુકામે તા.૩૦/૦૬/૧૯૮૭ ના રોજ થયો હતો તેની તેઓને ચોકકસ જાત માહિતી છે. આ કામના અરજદારનો જન્મ તા.૩૦/૦૬/૧૯૮૭ ના રોજ મોજે અલુરા, તા. કામરેજ, જિ. સુરત મુકામે થયેલો તે અંગે તેઓને સાચી અને સચોટ માહીતી છે. આ કામના અરજદારે તેમની અરજીમાં પેરા-૮ માં જે દાદ માંગેલી છે તે દાદ મંજુર કરવામાં આવે તો સંસ્થા, વ્યકિત, કંપની કે કોઈને પણ નુકશાન થાય તેમ ન હોય સબબ પેરા-૮ માં માંગ્ય મુજબની દાદ મંજુર કરવા અરજ ગુજારેલ છે.

**(૧૦)** ઉપર મુજબ રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતાં, આ કામના અરજદારની અરજીની હકીકત મુજબ તેઓનો જન્મ મોજે.અલુરા, તા.કામરેજ, જિ. સુરત. મુકામે તા.૩૦/૦૬/૧૯૮૭ ના રોજ થયેલ અને તેઓની સાચી જન્મ તા.૩૦/૦૬/૧૯૮૭ છે. તેમજ આ કામે આંક-૧૩ થી રજુ તેઓના સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ ઝેરોક્ષમાં, આંક-૧૪ થી રજુ તેઓના આધારકાર્ડ ઝેરોક્ષમાં, આંક-૧૫ થી રજૂ પાનકાર્ડ ઝેરોક્ષમાં અને આંક-૧૬ થી રજુ પાસપોર્ટની ઝેરોક્ષમાં પણ અરજદારની જન્મની તા.૩૦/૦૬/૧૯૮૭ લખેલ છે. તેમજ અલુરા ગામ પંચાયતમા જન્મની નોંધણી કરાવેલ તેમા શરતચુકથી તા.૩૦/૦૬/૧૯૮૭ ની જગ્યાએ તા.૩૧/૦૬/૧૯૮૭ લખાયેલ છે, પરંતુ અરજદારની સાચી જન્મ તા.૩૦/૦૬/૧૯૮૭ છે અને તે મુજબ જન્મ પ્રમાણપત્રમા સુધારો કરવા વિનંતી કરેલ છે. આ કામે રજુ થયેલ અરજદાર તથા સાહેદોના સોગંદ ઉપરના પુરાવા પરથી તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ પરથી અરજદારની અરજીની હકીકતોને સમર્થન પ્રાપ્ત થાય છે. આ કામે અલુરા ગામ પંચાયતના જન્મ-મરણના રજીસ્ટરના ઉતારાની નકલ આંક-૦૬ થી રજુ થયેલ છે તેમા જન્મ તા.૩૧/૧૦/૧૯૮૭

દર્શાવવામા આવેલ છે જયારે આંક–૧૩ થી રજુ તેઓના સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ ઝેરોક્ષમાં, આંક–૧૪ થી રજુ તેઓના આધારકાર્ડ ઝેરોક્ષમાં, આંક–૧૫ થી રજૂ પાનકાર્ડ ઝેરોક્ષમાં અને આંક–૧૬ થી રજુ પાસપોર્ટની ઝેરોક્ષમાં પણ અરજદારની જન્મની તા.૩૦/૦૬/૧૯૮૭ દર્શાવવામા આવેલ છે. જે દસ્તાવેજોની સત્યતા સામે કોઈ શંકા ઉપસ્થિત થતી નથી. વધુમાં, તલાટી–કમ–મંત્રીશ્રીએ તેમની જુબાનીમાં રજીસ્ટરના આધારે વિગતોની પુષ્ટિ કરી છે અને કોર્ટના આદેશ મુજબ સુધારો કરવા સામે કોઈ વાંધો દર્શાવ્યો નથી. તેમજ, જાહેર નોટિસની પ્રસિદ્ધિ બાદ પણ કોઈ ત્રાહિત પક્ષ તરફથી વાંધો રજૂ થયો ન હોય. આથી, અરજદારની સાચી જન્મ તા.૩૦/૦૬/૧૯૮૭ રહેલ હોવાનુ રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ પરથી ફલીત થાય છે. અરજદાર તરફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ખોટા હોવાનુ માનવાને કોઈ કારણ રહેલ નથી.

**(૧૧)** આમ, ઉપરોકત તમામ સંજોગો તથા કેસ લો તેમજ વિગતો જોતાં, મુદ્દા નં.૧ ને નિર્ણય તે મુજબ હકારમાં ઠરાવી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

(૧) અરજદારની અરજી આથી **મંજુર** કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદારના જન્મ પ્રમાણપત્રમાં સાચી જન્મ તા.૩૦/૦૬/૧૯૮૭ લખી તે મુજબનો સુધારો અસલ રેકર્ડમાં કરી નિયમ મુજબ થતી લેઈટ ફી તેમજ દંડ વસુલ લઈ કાયદેસરનું જન્મ પ્રમાણપત્ર કાઢી આપવા માટે ગ્રામ પંચાયત અલુરા, તા.કામરેજ, જી.સુરતને હુકમ કરવામા આવે છે.

(૩) આ અંગેની જરૂરી યાદી સામાવાળાને કરવી.

હુકમ આજ **તા.૧૭ મી, માહે.માર્ચ, સને–૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ.કઠોર.
તારીખ: ૧૭/૦૩/૨૦૨૬

**(પ્રખર શર્મા)**
એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ , કઠોર
***JUDGE CODE NO.GJ01416.***

ગુજરાતી સ્ટેનોગ્રાફર
એમ.જી.મોરડીયા